
**Veer Narmad**
**South Gujarat University, Surat**
Re-accredited by NAAC with 'A' grade
सत्यम् ज्ञानम् अनन्तम्




# ઈ–દક્ષિણાયન
## E-Dakshinayan Newsletter
For Private Circulation Only

Vol. 12, Issue. 221, October 2021

બીજું, તમારે પિછાણવું જોઈએ કે તમારો દેવ કોણ છે ? દુનિયામાં અનેક દેવદેવીઓ છે. એમાં તમારો દેવ કયો ? તમારો દેવતા તમને સોંપાયલા વિદ્યાર્થીઓ છે, બીજો કોઈ નહી. તમે જો બીજા કોઈને તમારો દેવ માની લો અને એમાં વિદ્યાર્થીની સેવામાં કંઈ ઊણપ આવી તો હું સમજીશ કે તમારી પ્રતિષ્ઠા ગઈ. **'शिष्य देवो भव'** – શિષ્યો તમારા દેવ છે. એમની ભકિતપૂર્વક એકનિષ્ઠાથી સેવા કરવી એ તમારો ધર્મ છે. વિદ્યાર્થીઓ માટેનો પ્રેમ જોઈએ. અનુરાગ જોઈએ. વાત્સલ્ય જોઈએ. આ શિક્ષકો માટેનો એક ઘણો મોટો ગુણ છે, જેના વગર કોઈ શિક્ષક જ ન બની શકે.

– મોરારજી દેસાઈ

## દીપે અરુણું પરભાત

**પ્રિય વાચક મિત્રો,**

શબ્દકોશના શબ્દો પૈકીના 'સુખ' અને 'શાંતિ' શબ્દ મનુષ્યને સૌથી વધારે પ્રિય શબ્દ છે. પ્રત્યેક મનુષ્ય સુખ અને શાંતિ ઈચ્છે છે. એકલું સુખ નથી ઈચ્છતો, શાંતિ પણ ઈચ્છે છે, કારણ કે તે જાણે છે કે શાંતિ વિના સુખનો અનુભવ થઈ શકતો નથી. સુખની શોધ અને સુખની દોડ આજીવન ચાલુ રહે છે.

ભારતીય સાહિત્યમાં 'ચિંતામણિરત્ન', 'કામધેનુ' અને ''કલ્પવૃક્ષ' શબ્દો ખૂબ જ પ્રચલિત છે. ચિંતામણિરત્નને હાથમાં લઈને ચિંતન કરો, તો કાર્ય પૂર્ણ થઈ જાય છે. કામધેનુની સામે ઈચ્છા કરો તો, ઈચ્છાઓ પૂર્ણ થઈ જાય છે અને કલ્પવૃક્ષની સામે કલ્પના કરો, કલ્પના પૂર્ણ થઈ જાય છે. પ્રત્યેક વૃક્ષનાં મૂળ હોય છે અને મૂળના આધારે વૃક્ષ વિકાસ પામે છે. આ કલ્પવૃક્ષનું મૂળ શું છે ? સંતોષ તેનું મૂળ છે. જે વ્યકિત સંતોષ કરવો નથી જાણતો, તે કયારેક પણ શાંતિનો સ્પર્શ કરી શકતો નથી. હંમેશા અસંતોષી બની રહે છે. અસંતોષનો કોઈ જ અંત નથી. તેનું કોઈ અંતિમબિંદુ નથી કે ત્યાં જઈને મનુષ્ય રોકાઈ જાય. જયારે આકાંક્ષા વધુને વધુ આગળ વધે છે ત્યારે શાંતિ મળતી નથી. શાંતિ તો ત્યારે જ મળે છે જયારે મનુષ્ય અનુભવ કરે કે બસ હવે વધારે નહી. મારે જીવન નિર્વાહ કરવા માટે જેટલું જોઈએ, તેટલું મળી ચૂકયું છે, ત્યારે જ શાંતિનો અનુભવ થાય છે. હવે વધારે મેળવવું તે નિરર્થક છે, આ પ્રકારની માનસિકતા થઈ જાય ત્યારે શાંતિ થાય છે અને સંતોષ પણ મળે છે. જયાં સંતોષ છે, ત્યાં જ શાંતિ છે. સંતોષ અને શાંતિ, અસંતોષ અને અશાંતિ–બન્ને સમાનાંતર રેખાની જેમ સાથે–સાથે ચાલે છે. કલ્પવૃક્ષને પામવા માટે ક્રોધ, લોભ અને અહંકાર પર નિયંત્રણ ખૂબ જ જરૂરી છે. ક્રોધ પ્રત્યેક મનુષ્યને આવે છે. જયારે મનુષ્ય પોતાના ક્રોધને વશમાં કરવાનું નથી જાણતો, ક્રોધ તત્કાલ પ્રગટ થઈ જાય છે. ત્યારે તે વ્યકિત કલ્પવૃક્ષને પ્રાપ્ત કરી શકતો નથી, તેની સાધના કરી શકતો નથી.'આંખનો સંયમ', 'કાનનો સંયમ', 'નાકનો સંયમ', 'જીભનો સંયમ' અને ત્વચાનો સંયમ' : કલ્પવૃક્ષની શાખાઓ છે. આ પાંચ મજબૂત શાખાઓ જયારે પૂર્ણ રીતે વિકસીત થાય ત્યારે મનુષ્ય શાંતિ મેળવી શકે છે.જયારે કોઈ પણ મનુષ્ય પોતાની ઈદ્રિયો પર, મન પર અને ક્રોધ વગેરે પર નિયંત્રણ મેળવી શકે છે ત્યારે તે સુખી બને છે.

અભય રહેવું ઘણી મોટી વાત છે. જીવનનું સૌથી મોટું દુઃખ છે ભય અને સૌથી મોટું સુખ છે અભય. અભય હોય તો દુઃખનાં મહત્તમ કારણો સમાપ્ત થઈ જાય છે. એક શીલ જ સંપદા છે, એક ધન જ સંપદા છે અને એક ચરિત્રની સંપદા છે. શ્રધ્ધા રૂપી પાણીથી કલ્પવૃક્ષનું સિંચન શકય બને છે. આપણે સૌ ચિંતન કરીએ કે આપણે શાંતિથી જીવવું છે; બીજાને શાંતિથી જીવવા દેવો છે, સુખી રહેવું છે; બીજાને સુખી કરવો છે, તો કલ્પવૃક્ષની પાંચ શાખાઓને જીવનમાં ઉતારવી પડશે. અહંકારનો નાશ કરવો ખૂબ મોટું મુશ્કેલ કાર્ય છે. વિનમ્રતા પણ સૌથી મોટી તપસ્યા છે. જે વ્યકિતમાં વિનમ્રતા છે, સહનશકિત છે, સ્વાધ્યાય છે, ધ્યાન છે, તેના જીવનમાં હંમેશા સુખ–શાંતિ નિવાસ કરે છે. ઝેરના સમુદ્રમાં રહેવા છતાં કલ્પવૃક્ષની પાંચ શાખાઓને પ્રાપ્ત વ્યકિત અમૃતનો એવો ઘૂંટ પીવે છે કે ઝેર પણ તેનું કશું બગાડી શકતું નથી.જટિલ સમસ્યાઓ, પરિસ્થિતિઓમાં રહેવા છતાં પણ તે વ્યકિત તેનાથી ઉપર રહે છે. સુખી જીવનના આ મંત્રને સિધ્ધ કરીને ખૂબ આનંદની સાથે સાથે શાંતિનો વિકાસ કરી શકી શકાય છે, એવા સુખનો અનુભવ કરી શકાય છે, જે સુખની કલ્પના દેવતા પણ કરી શકતા નથી. એટલા માટે આપણે શાંતિને પ્રાપ્ત કરવાની કળા શીખીએ અને શાંતિને પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરીએ.

આપણા જીવનમાં શાંતિનું અવતરણ થાય છે, સુખનો સાગર આવે છે, સુખોની લ્હેર આવે, પછી દુઃખ તેની સમક્ષ આવતું નથી.

આવો, આપણે શાંતિનું ચિંતન કરીએ, ઝંખના કરીએ.જે પણ જગ્યાએ છીએ તેની પ્રગતિ કરીએ અને દેશના વિકાસના સહભાગી બનીએ.

**તા. ૨૫ નવેમ્બર, ૨૦૨૧**

**(ડૉ. કિશોરસિંહ ચાવડા)**
**કુલપતિશ્રી**

## યુનિવર્સિટી ન્યૂઝ

### આઝાદી કા અમૃત મહોત્સવ

કેસીજી, ગુજરાત સરકાર પ્રેરિત "આઝાદી કા અમૃત મહોત્સવ" કાર્યક્રમ હેઠળ "રાષ્ટ્રીય શાયર" શ્રી ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મ જયંતી ઉજવણી નિમિત્તે મેઘાણી રચિત અને સંપાદિત ગીતોની સ્પર્ધાનું આયોજન યુનિવર્સિટી સંલગ્ન કોલેજો તેમજ યુનિવર્સિટીનાં અનુસ્નાતકે વિભાગોની ફાઈનલ સ્પર્ધા તા. ૧૫–૯–૨૦૨૧ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે યુનિવર્સિટીના વહીવટી ભવનનાં સેનેટ હોલ ખાતે રાખવામાં આવેલ હતી. જેમાં શ્રી જયેન્દ્રપુરી આર્ટસ એન્ડ સાયન્સ કોલેજનાં શ્રી આદિત્યસિંહ મહાવીરસિંહ રાઠોડ પ્રથમ વિજેતા થયા હતા. જે રાજય સ્તરની ગુજરાત સરકાર પ્રેરિત "આઝાદી કા અમૃત મહોત્સવ" કાર્યક્રમ હેઠળ "રાષ્ટ્રીય શાયર" શ્રી ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મ જયંતીની ઉજવણી નિમિત્તે મેઘાણી રચિત અને સંપાદિત ગીતોની સ્પર્ધામાં વિવિધ ૩૪ યુનિવર્સિટીમાંથી ૧૦૪ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જેમાં આદિત્યસિંહ મહાવીરસિંહ રાઠોડે સમગ્ર રાજયમાંથી દ્વિતિય ક્રમ પ્રાપ્ત કરેલ છે. ઉપરોક્ત સિધ્ધિ બદલ કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, ઈ.ચા. કુલસચિવશ્રી ડૉ. જયદીપભાઈ ચૌધરી, યુનિવર્સિટીના નિયામકશ્રી પોલ ડેવિડ, સાંસ્કૃતિક વિભાગનાં પ્રો. સોનલબેન કુલકર્ણી તેમજ યુનિવર્સિટી પરિવાર તરફથી અભિનંદન પાઠવવામાં આવે છે.

### વ્યાખ્યાન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનાં ગુજરાતી ડિપાર્ટમેન્ટમાં ઓશો ચેર અને ઓશો લોટસ ચેરીટેબલ ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે તા. ૧૩–૧૦–૨૦૨૧, બુધવારનાં રોજ 'બોધપૂર્વક જીવન જીવવાની કળા' વિષય પર વિશેષ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

કુલપતિશ્રી કિશોરસિંહ ચાવડાના અધ્યક્ષ સ્થાને યોજાયેલા આ કાર્યક્રમના મુખ્ય વકતા સ્વામી શ્રી સત્ય વેદાંતજી હાજર રહ્યા હતા. શરીર અને મનની સીમાઓથી પર થવા માટે ચેતનાનો બોધ આવશ્યક છે. જન્મ અને મરણ મનુષ્યના અંકુશમાં નથી પણ જીવનને કેમ જીવવું એ આપણા હાથમાં છે. એ માટે ઓશોએ ૬૫૦ જેટલી પુસ્તિકાઓ લખી છે. જીવન બોધપૂર્ણ રીતે જીવવા માટે ઓશોએ ધ્યાનપ્રક્રિયાનો માર્ગ બતાવ્યો છે. મન હંમેશા ભૂતકાળ અને ભવિષ્યમાં રહે છે. જેને ચેતના દ્વારા વર્તમાનમાં સ્થાપવાથી થતા લાભો જેવા કે, જીવનને નિશ્ચય સાથે જીવવું, જે પરિસ્થિતિ છે તેનો સ્વીકાર કરી જીવવું–એ સાચો માર્ગ બની રહે. વ્યાખ્યાનને અંતે કુલપતિશ્રીએ યુવાપેઢીમાં મૂલ્ય સિંચન થાય ને આત્મજાગૃતિ થાય એ માટે આ પ્રકારના કાર્યક્રમો યોજવાની ખાતરી આપી હતી. યુવાનોની સામેલગીરી વધે તે માટે ટેકનોલોજીનો સાર્થક ઉપયોગ કરવા જણાવ્યું હતું. કાર્યક્રમની ભૂમિકા અને આભારવચન ઓશો ચેરના કો–ઓર્ડિનેટર ડૉ. નરેશભાઈ શુકલાએ કર્યું હતું. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ઓશો લોટસ ચેરીટેબલ ટ્રસ્ટનાં પ્રમુખશ્રી રાકેશભાઈ પટેલ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ તથા પ્રબુદ્ધ નાગરીકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન શ્રી અમિતા પંચાલે કર્યું હતું.

### પ્લોગીંગ રન કાર્યક્રમ

આઝાદીના ૭૫માં અમૃત મહોત્સવ નિમિત્તે કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાનાં માર્ગદર્શન હેઠળ રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા તા. ૨૧–૧૦–૨૦૨૧નાં 'પ્લોગીંગ રન' કાર્યક્રમનું આયોજન એમ.ટી.બી. આર્ટ્સ કોલેજ, સુરત ખાતે કરવામાં આવેલ હતું, જેમાં એમ.ટી.બી. આર્ટ્સ કોલેજ, સર પી. ટી. સાર્વજનિક કોલેજ, એસ.પી.બી.ઈંગ્લિશ મીડીયમ કોમર્સ કોલેજ, સર કે. પી. કોમર્સ કોલેજ અને શ્રી રામકૃષ્ણ અપ્લાઈડ સાયન્સ કોલેજ, સુરતના ૪૦૦થી વધુ સ્વયંસેવકો હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં એન.એસ.એસ.ની પ્રાદેશિક કચેરી, અમદાવાદનાં રીજીયોનલ ડાયરેકટર, શ્રી ગિરધર ઉપાધ્યાય અને એન.એસ.એસ. વિભાગના આસી.પ્રોગ્રામ કો–ઓર્ડિનેટર શ્રી પ્રકાશચંદ્ર હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં હાજર સ્વયંસેવકો પગપાળા આશરે ૨ થી ૪ કી.મી.નાં વિસ્તારમાં ચાલીને રસ્તામાં પડેલ કચરો ઉચકયો હતો અને લોકોને જાહેર સ્થળો કે રસ્તા પર કચરો ન ફેંકવા વિનંતી કરી હતી.












## ગૌરવ



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્ટીરિયર ડિઝાઈનના ચોથા વર્ષની વિદ્યાર્થિની અગ્રવાલ સિમરન એ. નવસારી ખાતે શ્રી નારણલાલા કોમર્સ ઓફ મેનેજમેન્ટ કોલેજમાં યોજાયેલ ટેકવાન્ડોની સ્પર્ધામાં સિલ્વર મેડલ મેળવેલ છે. જે માટે ઈન્ટીરિયર ડિઝાઈનર વિભાગ અને યુનિવર્સિટી ગૌરવની લાગણી અનુભવે છે.

## Department of Biotechnology

### Induction Program



Department of Biotechnology, VNSGU, Surat conducted an “Induction Program” on 14th October, 2021 for the first year students of M. Sc. Integrated Biotechnology course. All students were also accompanied by their respective parents. The event was coordinated by Mrs. Tanvi Tamakuwala, NSS Program Officer and Teaching Assistant at Biotechnology Department. The inauguration function started at 11:00 am in the presence of Dr. Kishorsinh N. Chavda (Honorable Vice Chancellor) followed by our University Song and lighting the lamp. Dr. Gaurav Shah (Coordinator of Biotechnology Department) in his inaugural address heartily welcomed all the new students and their parents and congratulated each and every “fresher”, first on having secured their admission to this University and second, for having chosen Department of Biotechnology as their choice and also appreciated the effort of teaching and non-teaching staff members, of the college for taking such educative programme first of its kind to groom and nurture young students in the days to come. Honorable Vice Chancellor Dr. Kishorsinh N. Chavda embraced the students with his precious words of wisdom and motivated them by delivering his speech on Human Values. Towards the end of the event, Dr. Bhikhu More (Class Mentor) expressed gratitude to all and the event ended at a patriotic note with National Anthem. The first session ended at 11:45 am. At 12:00 noon technical session headed by Dr. Gaurav Shah [Open House, Queries from Parents & Students], Dr. Mansi Mehta [Formation of

Parent's Association], Dr. BHikhu More [Introduction with Students].

The aim of the Induction Program was to give the newcomers a bird's eye view about the various dimensions of Biotechnology and the career opportunities for students and to acquaint them with the systems and procedures of the college and also to give them an idea about holistic approach and professional ethics. The program aimed to give a proper orientation to the new students about the course and about future prospects as well as the methodology of learning to be adopted to be successful in life.

















## Know Your Potential

The Department of Biotechnology organized a Soft skill programme on "Know Your Potential" for students on 25$^{th}$ September 2021. Whole event was coordinated by Dr. Mansi Mehta under the guidance of Dr. Rekha Gadhvi, Assistant Professor at Department of Biotechnology, VNSGU, Surat.

Mr. Parimal Shah-Motivational Speaker who is an industrialist and counselor was invited to deliver a talk as resource person. The talk was organized with the help of Dr. Bali Bharani, she is providing psychological guidance and is counselor at Counseling Center of VNSGU. Final year B. Sc. students of department actively participated in the programme which focused on the overall development of the participants through motivational sessions. The activities fuelled

high energy among students and made them mentally positive and emotionally enthusiastic. The SWOT analysis helped the students to realize and recognize their potential and drawbacks. Mr. Parimal Shah also inculcated a thought amongst students like how life should be between 20 and 60 years old. Students were trained to take right decisions, solve the problem logically, take care of their relationships and cope with adverse situations.














## Department of Interior Design

### Word Bamboo Day Celebration



Every year on September 18, World Bamboo Day is marked as a day of celebration to raise global awareness of bamboo. Bamboo has been an everyday usage wood in areas where it grows naturally, but its use does not seem to be sustainable owing to exploitation.

This year Department of Interior Design has done celebration of WORLD BAMBOO DAY on 18th September 2021. Department has Organized Bamboo Plantation at the Department in which our Honourable Vice chancellor Dr. Kishorsinh Chavda was invited as chief guest. In his present students had done plantation, also took oath to care these plants until they mature.

This event was organized under guidance of Department Co-ordinator Prof. Mehul Patel and Event Co-ordinator Prof. Ankitkumar Changawala.






DEPARTMENT OF FINE ARTS
કલાક્ષેત્ર વિભાગ
DEPARTMENT OF INTERIOR DESIGN
આંતરિક ડિઝાઈન વિભાગ















## ઉજવણી

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ઈન્ટીરીયર ડીઝાઈન વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા રંગોળી કરી તેમજ પારંપરિક ગરબા અને પોષક સાથે દિવાળીની ઉજવણી કરવામાં આવી.









## કોલેજ ન્યૂઝ

### જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી.

### ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અભ્યાસ કેન્દ્ર દ્વારા વિદ્યાર્થીઓ માટે અભિમુખતા બેઠક





જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટસ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી દ્વારા તા. ૧૭–૧૦–૨૦૨૧ને રવિવારના રોજ સવારે ૯:૩૦ કલાકે અમરોલી કોલેજમાં ચાલતા ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના અભ્યાસ કેન્દ્ર (૧૮૨૮ અને ૦૭૯૧૮૧૮) દ્વારા ઓગષ્ટ ૨૦૨૧ના સત્રમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ માટે અભિમુખતા બેઠકનું આયોજન (પ્રવેશ, પરીક્ષા, પરિણામ, સ્કોલરશીપ, અસાઈમેન્ટ, પુસ્તકો સંદર્ભે) કરવામાં આવ્યું હતું. બેઠકની શરૂઆત અમરોલી કોલેજના ઈ.ચા. આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણા, કેન્દ્ર સંચાલક ડૉ. મેહુલ બી. શાહ, સહ સંયોજક પ્રા. કમલેશ એન. સાવલિયા તેમજ Regional Director of Surat Region શ્રીમાન જીતેન્દ્ર પરમારના હસ્તે દિપ પ્રાગટયથી કરવામાં આવી હતી. આ ઉપરાંત આશરે ૮૦ જેટલા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

દિપ પ્રાગટય બાદ અમરોલી કોલેજ ગીત અને ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ગીત દ્વારા વિદ્યાર્થીઓનું અભિવાદન કરવામાં આવ્યું. કાર્યક્રમની મધ્યસ્થીએ આમંત્રિત મહેમાન શ્રીમાન જીતેન્દ્ર પરમારને

સ્મૃતિભેટ આપી ડૉ. રાજેશકુમાર ડી. રાણા દ્વારા તેમનું સન્માન કરવામાં આવ્યું હતું તેમજ પ્રા. કમલેશ એન. સાવલિયા દ્વારા ડૉ. રાજેશકુમાર ડી. રાણાનું સ્વાગત કરાયું. સ્વાગતવિધિ બાદ કોલેજના ઈન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણા દ્વારા વિદ્યાર્થીઓને આશીર્વચન પાઠવવામાં આવ્યા હતા. ત્યારબાદ પધારેલ મહેમાનશ્રી જીતેન્દ્ર પરમારે વિદ્યાર્થીઓને યુનિવર્સિટી, અભ્યાસ કેન્દ્ર તેમજ વિદ્યાર્થીઓને જરૂરી એવી અન્ય વિવિધ બાબતોની માહિતી આપી હતી. ત્યારબાદ અભ્યાસકેન્દ્રના સંચાલક ડૉ. મેહુલ બી. શાહે સૌને અભ્યાસ કેન્દ્ર, પરીક્ષા, પ્રવેશ, પરિણામ, અસાઈમેન્ટ, સ્કોલરશીપ અંગે વિગતવાર ચર્ચા કરી હતી. ત્યારપછી પ્રા. કમલેશ એન. સાવલિયાએ યુનિવર્સિટી વેબસાઈટ અને તેના વિવિધ ભાગો અંગે વિસ્તૃત માહિતી આપી હતી અને વિદ્યાર્થીઓને મૂંઝવતા પ્રશ્નોની ચર્ચા થઈ હતી. વિદ્યાર્થીઓના પ્રશ્નોના સંતોષકારક નિવારણ બાદ યોજાયેલ બેઠક તેમજ અભ્યાસ કેન્દ્રને લઈ વિદ્યાર્થીઓએ પોતાના પ્રતિભાવ રજુ કર્યા હતા. અંતે આભારવિધિ કરી બેઠકને પૂર્ણ જાહેર કરવામાં આવી.

## 'મહિલા સુરક્ષા જાગૃતિ' અંગેના સેમિનારનું આયોજન






જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટસ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી દ્વારા તા. ૭–૧૦–૨૦૨૧ને ગુરુવારના રોજ કોલેજના રૂમ નંબર ૩૬–સ્પોર્ટ્સ કોમ્પલેક્ષમાં "મહિલા સુરક્ષા જાગૃતિ" અંગેના સેમિનારનું આયોજન કોલેજના ઈ.ચા.આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણાના નેતૃત્વ હેઠળ કરવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમમાં અમરોલી પોલીસ સ્ટેશનના P.S.I. M.S.Variya, મહિલા અને બાળવિકાસ અધિકારી ભાગ્યશ્રીબેન તથા કોન્સ્ટેબલ રીટાબેન, પીનાબેન તથા કિશનભાઈ દ્વારા કોલેજની વિદ્યાર્થીઓને નવરાત્રી દરમ્યાન છેડતીથી બચવા અને પોતાની સુરક્ષા કઈ રીતે કરવી તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં ૧૫૦ જેટલી વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમનું સંચાલન કોલેજનાં પ્રો.ડૉ. ઝંખનાબેન એલ.પરમાર, પ્રો. સોનલબેન બી. કાકલોતર, પ્રો. મેઘાબેન જોષી, પ્રો. રાજકુમાર ડુમસિયા દ્વારા કરવામાં આવ્યું હતું.

## શ્રી સ્વામી આત્માનંદ સરસ્વતી આંતર કોલેજ નિબંધ સ્પર્ધાનું આયોજન



જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે. ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ. પી. દેસાઈ કોમર્સ કોલેજ દ્વારા શ્રી સ્વામી આત્માનંદ સરસ્વતી આંતર કોલેજ નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. જુદી જુદી કોલેજોના ૮ સ્પર્ધકોએ ભાગ લીધેલ હતો, જેમાં અમરોલી કોલેજની વિદ્યાર્થિની કુમારી ગોહિલ જીજ્ઞાશા ગિરીશભાઈ (એમ. કોમ–૨) તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો છે. અમરોલી કોલેજ ટ્રસ્ટમંડળ, ઈ. ચા. આચાર્યશ્રી અને અમરોલી કોલેજ પરિવાર અભિનંદન પાઠવે છે.

## સલાડ ડેકોરેશન સ્પર્ધા

જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે. ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ દ્વારા બે તબક્કામાં વર્ચ્યુઅલ સલાડ ડેકોરેશન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રથમ તબક્કો વર્ચ્યુઅલ આંતર વર્ગ સલાડ ડેકોરેશન સ્પર્ધા હતી જે તા. ૨૦–૯–૨૦૨૧ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે વર્ચ્યુઅલ પ્લેટફાર્મ ઝૂમ પર યોજાઈ હતી. આ સ્પર્ધા કોલેજના ગ્રેજ્યુએશન અને પોસ્ટ ગ્રેજ્યુએશનના તમામ વિદ્યાર્થીઓ માટે ખુલ્લી હતી. સ્પર્ધા પાછળનો ઉદ્દેશ્ય યુવાનોમાં તંદુરસ્ત ખોરાકની આદતો અને ખોરાકની પસંદગી અંગે જાગૃતિ કેળવવાનો હતો. આંતર વર્ગ સ્પર્ધામાં કુલ ૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો

જેમાંથી નિધિ પટેલે પ્રથમ અને ભૂમિકા ભટ્ટે દ્વિતીય ઈનામ પ્રાપ્ત કરેલ છે.

સ્પર્ધાનો બીજો તબક્કો વર્ચ્યુઅલ આંતર કોલેજ સલાડ ડેકોરેશન સ્પર્ધા હતી જે તા. ૧૨–૧૦–૨૦૨૧ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે વર્ચ્યુઅલ પ્લેટફોર્મ ઝૂમ યોજાઈ હતી. સ્પર્ધા વિદ્યાર્થીઓ માટે ખુલ્લી રાખવામાં આવી હતી. આંતર કોલેજ સ્પર્ધામાં કુલ ૭ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાંથી જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજની નિધિ પટેલે પ્રથમ, વનિતા વિશ્રામ કોલેજ ઓફ કોમર્સની પ્રિયા ભુવાએ દ્વિતીય અને જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજની ભૂમિકા ભટ્ટે ત્રીજું ઈનામ મેળવ્યું છે. સહભાગીઓએ તેમના સલાડની વિશેષતા અને સારા સ્વાસ્થ્ય જાળવવા અને રોગોને દૂર રાખવા માટે આપણા નિયમિત આહારમાં સલાડનો સમાવેશ કરવાનું સમજાવ્યું.

સ્પર્ધાનું મુખ્ય ધ્યાન માત્ર સલાડની તૈયારી જ નહી પરંતુ તેમની કલાત્મક રજૂઆત પર પણ હતું જે સૌંદર્યલક્ષી પાસું ધરાવે છે. અંતિમ ઉત્પાદન તૈયાર કરતી વખતે અને ડ્રેસિંગ કરતી વખતે ધ્યાનમાં રાખવાની હતી તે સ્વચ્છતાની બાબતો પર સમાન ભાર મૂકવામાં આવ્યો હતો.

કોલેજના આચાર્ય ડૉ. આર. ડી. રાણાના માર્ગદર્શન હેઠળ પ્રો. હેમા દવે, પ્રો. સી. એસ. અને શ્વેતા પી. પટેલ દ્વારા સ્પર્ધાઓનું સંકલન કરવામાં આવ્યું હતું.

## Powerlifting Association Gujarat Championship 2021-22 Junior Women



તા. ૨૪–૧૦–૨૦૨૧ના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે. ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ. પી. દેસાઈ કોમર્સ કોલેજ દ્વારા Powerlfting Association Gujarat Championship 2021-22 Junior Womenનું આયોજન SMC સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ, મંછરપુરા, દિલ્લીગેટ, સુરતમાં કરવામાં આવ્યું. જેમાં અમરોલી કોલેજ બી.કોમ. (સેમ–૩)ની વિદ્યાર્થિની મિશ્રા પૂજાદેવી મહેન્દ્રભાઈ અને એમ.કોમ. (સેમ–૧)ની વિદ્યાર્થિની પરમાર કિંજલ દિનેશભાઈ વિજેતા થયા હતા. અમરોલી કોલેજ ટ્રસ્ટમંડળ, ઈ.ચા.આચાર્યશ્રી અને અમરોલી કોલેજ પરિવાર અભિનંદન પાઠવે છે.

## જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી. શાહ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ, વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ, સુટેક્ષ બેંક કોલેજ ઓફ કમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલી.

### ખેલૈયા સ્પર્ધા : આયોજન



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ) એન્ડ વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ) તેમજ સુટેક્ષ કોલેજ ઓફ કમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલી દ્વારા સાંસ્કૃતિક પ્રવૃતિના ભાગ રૂપે તા. ૪–૧૦–૨૦૨૧ના રોજ ખેલૈયા સ્પર્ધાનું આયોજન COVID-19ની ગાઈડલાઈન્સના પાલન સાથે કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના આચાર્ય ડૉ. મુકેશ આર. ગોયાણી અને સાંસ્કૃતિક સમિતિના સભ્યો, ડૉ. સુધાધારા સામલ, ડૉ. દિવ્યાની પટેલ, ટવિન્કલ પંચાલ તેમજ ડૉ. છાયા પટેલ દ્વારા સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩૬ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લઈ પોતાનું ટેલેન્ટ રજૂ કર્યું હતું, મેઘ મલ્હાર દોઢિયા કલાસીસના ઓનર શ્રી નિખિલ પટેલ સ્પર્ધાના નિર્ણાયક તરીકે હાજર રહ્યા હતા. નિર્ણાયક દ્વારા ૯ જેટલા વિદ્યાર્થીઓની સ્પર્ધાના વિજેતા તરીકે પસંદગી કરવામાં આવી હતી, જેમાં પ્રથમ ક્રમે Solanki Hitesh S. અને Ginoya Vivek R. (T.Y.B.Com. GM), બીજા ક્રમે Hirapara Hardik M. અને Ginoya Surabhi K. (T.Y.B.C.A.), ત્રીજા ક્રમે Vekariya Hruvita R. અને Kbari Shreya (T.Y.B.C.A.) અને Best Dress તરીકે Gohil Rvisha N. અને Suhagiya Dhruvisha M. (T.Y.B.Com. GM) પસંદગી થવા પામી હતી. Grace Full Performance તરીકે Kritika Tripathi (SYBBA)ની પસંદગી થવા પામી હતી, આ ઉપરાંત સ્પર્ધાના નિર્ણાયક શ્રી નિખિલ પટેલ દ્વારા સ્પર્ધા અંગે પોતાના મંતવ્યની રજૂઆત કરવામાં આવી હતી અને તેમના દ્વારા વિદ્યાર્થીઓને પ્રેરણા અને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું.






## રંગોલી સ્પર્ધા : આયોજન

જીવન જયોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ) એન્ડ વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ) તેમજ સુટેક્સ કોલેજ ઓફ કમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલી દ્વારા સાંસ્કૃતિક પ્રવૃતિના ભાગરૂપે તા. ૨૭–૧૦–૨૦૨૧ના રોજ કોવિડ–૧૯ની ગાઈડ લાઈનના પાલન સાથે દિવાળી પર્વની ઉજવણી નિમિત્તે રંગોલી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના આચાર્ય ડૉ. મુકેશ આર. ગોયાણી અને સાંસ્કૃતિક સમિતિના સભ્યો, ડૉ. સુધાધારા સામલ, ડૉ. દિવ્યાની પટેલ, ટિવન્કલ પંચાલ તેમજ ડૉ. છાયા પટેલ દ્વારા સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૪ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લઈ પોતાનું ટેલેન્ટ રજૂ કર્યુ હતું, સ્પર્ધાના નિર્ણાયક તરીકે ઉમા ગુપ્તા હાજર રહ્યા હતા. નિર્ણાયક દ્વારા ૩ જેટલા વિદ્યાર્થીઓની સ્પર્ધાના વિજેતા તરીકે પસંદગી કરવામાં આવી હતી, જેમાં પ્રથમ ક્રમે Savaj Mansi Maheshbhai (S.Y.B.B.A.), બીજા ક્રમે Labdhi Nirmalkumar Jain (T.Y.B.B.A.), ત્રીજા ક્રમે Mehta Anshu Lakshmanbhai (F.Y.B.Com.) અને Bharodiya Tisha Manojbhai (S.Y.B.B.A.) અને આશ્વાસન ઈનામ માટે Patel Hiral Dalpatbhai (T.Y.B.Com.) Khyati Mansukhbhai (T.Y.B.B.A.) અને Chauhan Tejas Jitubhai (F.Y.B.Com.) ની પસંદગી થવા પામી હતી. આ ઉપરાંત સ્પર્ધાના નિર્ણાયકશ્રી ઉમા ગુપ્તા દ્વારા સ્પર્ધા અંગે પોતાના મંતવ્યની રજૂઆત કરવામાં આવી હતી અને તેમના દ્વારા વિદ્યાર્થીઓને પ્રેરણા અને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું.



## એ.વી.પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરા.

## માટલી સુશોભન સ્પર્ધા



એ. વી. પટેલ કોમસ કોલેજ બીલીબોરા ખાતે 'નવરાત્રી મહોત્સવ' નિમિત્તે માટલી સુશોભન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. માટલી સુશોભન માટે વિદ્યાથીઓએ સ્ટોન, આભલા, મોતી, રંગબેરંગી લેસ, જરી, ચુંદડી, નારિયળ, ઘીનો દીવો વગેરેનો ઉપયોગ કરી સુંદર માટલીઓ તૈયાર કરી હતી. આ સ્પર્ધામાં ૨૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લઈ સ્પર્ધાને સફળ બનાવી હતી.

સ્પર્ધાના નિર્ણાયક તરીકે ડૉ. નરેન્દ્રકુમાર સોલંકી અને ફીઝીકલ ઈન્સ્ટ્રકટર ડૉ. સોનલબેન વસાવા રહ્યા હતા. સ્પર્ધાના પ્રથમ વિજેતા ભોઈ ઉર્વશી (એફ.વાય.બી.કોમ. – અંગ્રજી માધ્યમ) દ્વિતીય વિજેતા ભંડારી ગ્રેસી (એસ.વાય.બી.કોમ.) અને પટેલ સચિ (ટી.વાય.બી.કોમ) તથા તૃતીય વિજેતા તરીકે કંસારા મહેક (એસ.વાય.બી.કોમ. – અંગ્રેજી માધ્યમ) રહ્યા હતા.

સ્પર્ધાના આયોજન માટે કોલેજના ઈન્ચાર્જ આચાર્યાશ્રી વર્ષાબેન બી. રાણાના માર્ગદર્શન અને દોરવણી મળી રહ્યા. તેમણે વિદ્યાર્થીઓને વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. સ્પર્ધાના સંચાલનનો દોર પ્રા.દિપીકાબેન પી. લાડે સંભાળ્યો હતો અને પ્રા.પ્રિયાબેન એમ. ટંડેલે આભારદર્શન કર્યું હતું. વળી, આ સ્પર્ધામાં કોલેજના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફ સભ્યોનો પણ પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સહકાર મળ્યો હતો.



## ગૌરવ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા આયોજિત ટેકવોન્ડો ભાઈઓની સ્પર્ધા એમ. કે. કોર્મસ કોલેજ, ભરૂચ મુકામે યોજાઈ હતી. જેમાં ૨૨ થી વધુ કોલેજોએ ભાગ લીધો હતો. એ. વી. પટેલ કોમર્સ કોલેજ ટી.વાય.બી.કોમ.માં અભ્યાસ કરતા વિદ્યાર્થી ઢીમ્મર વિશાલા આરે. ૫૪ થી ૫૮ ની કેટેગરીમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કરીને કોલેજને ગૌરવ અપાવ્યું છે તે બદલ કોલેજના ઈન્ચાર્જ આચાર્યાશ્રી વર્ષાબેન રાણા, પ્રા. ડૉ. સોનલબેન તેમજ તમામ કોલેજ પરિવાર વિજેતા ખેલાડીને ખુબ ખુબ અભિનંદન પાઠવે છે અને આવનારા સમયમાં વધારે સારું પ્રદર્શન કરી આગળ વધે એવી શુભેચ્છા પાઠવે છે. આ ઉપરાંત વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા આયોજિત રાઈફલ શુટિંગ સ્પર્ધાનું આયોજન વ્યારા કોલેજ આતે થયુ હતુ જેમાં એ. વી. પટેલ કોલેજ બીલીમોરાના ચાર વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં સિંહ દિપક (એસ.વાય.બી.કોમ.) ૬૦૦ માંથી ૩૩૧ પોઈન્ટ, નિષાદ સંતોષ આઈ. (એસ.વાય.બી.કોમ.) ૬૦૦ માંથી ૨૬૭ પોઈન્ટ, આયુષ એસ. (એસ.વાય.બી.કોમ.) ૬૦૦ માંથી ૧૯૭ પોઈન્ટ, પટેલ ક્રિશ બી. (એસ.વાય.બી.કોમ.) ૬૦૦ માંથી ૧૭૪ પોઈન્ટ પ્રાપ્ત કર્યા હતા. આમ કુલ ૯૬૯ પોઇન્ટ પ્રાપ્ત કરી ત્રીજો ક્રમ પ્રાપ્ત કર્યો હતો. આ તમામ ખેલાડીઓને કોલેજ પરિવાર ખુબ ખુબ અભિનંદન પાઠવે છે.









## રંગોળી સ્પર્ધા



બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત એ.વી. પટેલ કોમર્સ કોલેજમાં રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ વિવિધ પ્રકારની દિવાળી થીમ પર ખૂબ જ સુંદર અને આકર્ષક રંગોળી દોરી હતી.

ઈન્ચાર્જ આચાર્યશ્રી વર્ષાબેન રાણાના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમનું સંચાલન પ્રા. પાયલબેન કેવત અને પ્રા. અંજલીબેન પટેલે કર્યું હતું તથા નિર્ણાયક તરીકે પ્રા. શ્રુતિબેન પટેલ અને પ્રા. પ્રતિકભાઈ બરોડિયાએ સેવા આપી હતી. સ્પર્ધામાં ભારદ્વાજ રાજ એફ.વાય. બી.કોમ. પ્રથમ ક્રમે, ભંડારી ગ્રેસી એસ.વાય.બી.કોમ બીજા ક્રમે અને શિમ્પી હર્ષાલી ટી.વાય.બી.કોમ. ઈંગ્લિસ મિડિયમ ત્રીજો ક્રમ પ્રાપ્ત કર્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કોલેજના તમામ સભ્યોએ ફોળો આપ્યો હતો.

## મને ગમતું પુસ્તક વાર્તાલાપ

એ.વી.પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરાના ગ્રંથાલય અને માહિતી વિભાગના ઉપક્રમે 'મને ગમતું પુસ્તક' વાર્તાલાપ યોજવામાં આવ્યો હતો. સારાં પુસ્તકોનું વાંચન તેના સર્જકો અને મહાન વિભૂતિઓની સ્મૃતિ તાજી કરાવે છે. મા બાપ હંમેશા સ્નેહ, વાત્સલ્ય અને પ્રેરણા આપે છે. જયારે પુસ્તકો તો આંખો અને પાંખો આપે છે. ઉત્તમ પુસ્તકો વ્યકિતનો અદભૂત મિત્ર અને સમજદાર માર્ગદર્શક હોય છે. ભારતીય સંસ્કૃતિ અનુસાર પ્રાર્થનાથી શરૂ થયેલા આ કાર્યક્રમમાં ૮ વિદ્યાર્થીઓ અને એક અધ્યાપકોએ ગુજરાતી સાહિત્યના જુદા જુદા લેખકોના જુદા જુદા પુસ્તકો પર પોતાના વિચારો રજૂ કર્યા હતા. કોલેજના ઈ.ચા. આર્ચાયશ્રી વર્ષાબેન બી. રાણાના માર્ગદર્શન હેઠળ આ આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કોલેજના અધ્યાપકોએ કાર્યક્રમમાં હાજરી આપી વિદ્યાર્થીઓમાં વાંચનની અભિરૂચિ કેળવાય તે માટે પ્રોત્સાહિત કર્યા હતા. વાર્તાલાપનું સંચાલન અને આભારવિધિ ગ્રંથપાલશ્રી આર.એમ.પટેલે કરી હતી.







## શ્રી ભારતીમૈયા કોલેજ ઓફ ઓપ્ટોમેટ્રી એન્ડ ફિઝીયોથેરાપી, સુરત.

### વિનામૂલ્યે ફિઝીયોથેરાપી કેમ્પ

શ્રી અંબિકાનિકેતન ટ્રસ્ટ સંચાલીત શ્રી ભારતીમૈયા કોલેજ ઓફ ઓપ્ટોમેટ્રી એન્ડ ફિઝીયોથેરાપી, સુરત ખાતે 'World Physical Therapy Day 2021' અંતર્ગત તા. ૧–૯–૨૦૨૧ થી ૩૦–૯–૨૦૨૧ (એક માસ) દરમ્યાન 'Cardiac, Pulmonary, Fitness Testing' વિનામૂલ્યે ફિઝીયોથેરાપી કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. જેમા લગભગ ૩૫૦ જેટલા લોકોનું Pulmonary Function Testing, Health Related Fitness Testing જેમકે Flexibility, Hand Grip & Pinch Grip Strength, Body Composition, Cardiovascular Endurance જેવા ટેસ્ટ કરવામાં આવ્યા હતા.









## નવરાત્રી

શ્રી અંબિકાનિકેતન ટ્રસ્ટ સંચાલીત શ્રી ભારતીમૈયા કોલેજ ઓફ ઓપ્ટોમેટ્રી એન્ડ ફિઝીયોથેરાપી, સુરતમાં તા. ૧૬–૧૦–૨૦૨૧ના રોજ ઓપ્ટોમેટ્રી તેમજ ફિઝીયોથેરાપીના વિદ્યાર્થીઓ માટે કલ્ચરલ એકટીવીટીના ભાગ રૂપે સરકારશ્રીની ગાઈડલાઈનને ધ્યાનમાં રાખી નવરાત્રી ગરબાનું આયોજન કરવામાં આવ્યુ હતું.







## ફિઝીયોથેરાપી વર્કશોપ

શ્રી અંબિકાનિકેતન ટ્રસ્ટ સંચાલીત શ્રી ભારતીમૈયા કોલેજ ઓફ ઓપ્ટોમેટ્રી એન્ડ ફિઝીયોથેરાપી, સુરત ખાતે તા. ૨૨–૧૦–૨૦૨૧ તથા તા. ૨૩–૧૦–૨૦૨૧ના રોજ "IMPROVING FUNCTION FOR CHILDREN WITH ASD USING SENSORY INTEGRATION - HANDS ON WORKSHOP" નું આયોજન કરવામાં આવ્યું હતું જેમા ૨૫ જેટલા વિદ્યર્થીઓ, અધ્યાપકો અને કલીનીકલ થેરાપીસ્ટએ ભાગ લીધો હતો. ડૉ. કૌશલ ભટ્ટ (MPT Pediatric) દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.









## શ્રીમતી સી.ડી.જોબલીયા રોફેલ આર્ટ્સ એન્ડ શ્રીમતી આઈ.એસ.આર.અચ્છારીવાલા રોફેલ કોમર્સ કોલેજ, વાપી.

### સંસ્કૃત સપ્તાહ ની ઉજવણી

ગુજરાત રાજય સંસ્કૃત બોર્ડ પ્રરિત શ્રીમતી સી. ડી. જોબલીયા રોફેલ આર્ટ્સ એન્ડ શ્રીમતી આઈ.એસ.આર. અચ્છારીવાલા રોફેલ કોમર્સ કોલેજ, વાપીના ઉપક્રમે વાપી વિસ્તારની આંતર કોલેજ સંસ્કૃતોત્સવ સપ્તાહની ઉજવણી તા. ૪–૯–૨૦૨૧ થી તા. ૧૧–૯–૨૦૨૧ દરમ્યાન કરવામાં આવી હતી. જેમાં વાપી શહેરની વિવિધ કોલેજો જોડાઈ હતી. આ કાર્યક્રમ કોલેજનાં આચાર્યા પ્રિ. ડૉ. હેમાલીબેન દેસાઈના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમનું સંચાલન સંસ્કૃત વિષયના અધ્યાપિકા ડૉ. ઈન્દિરાબેન પટેલ અને ડૉ. જયાબેન પરમારે કર્યું હતું જેમાં વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે.

**૧. તા. ૪–૯–૨૦૨૧ "મમ પરિચય"**

ભાગ લેનાર વિદ્યાર્થીઓ ૨૧.

| ક્રમ | નામ | ક્લાસ |
|---|---|---|
| ૧ | પ્રથમ વિજેતા રાઠોડ નિધિ.એ. | T.Y.B.A |
| ૨ | દ્વિતીય વિજેતા કામલી આયુષી.એચ | S.Y.B.A |
| ૩ | દ્વિતીય વિજેતા મિશ્રા કમલેશ્વર | M.B.A GRIMS COLLEGE, VAPI. |

નિર્ણાયક: ડૉ. ઈન્દીરાબેન પટેલ





**૨. તા. ૬–૯–૨૦૨૧ "અનુલેખન"**

ભાગ લેનાર વિદ્યાર્થીઓ ૨૧.

| ક્રમ | નામ | ક્લાસ |
|---|---|---|
| ૧ | પ્રથમ વિજેતા ધોન્ડે જિનલ ટી. | S.Y.B.A |
| ૨ | દ્વિતીય વિજેતા પાટિલ તનુજા આર. | S.Y.B.A |





**૩. તા. ૭–૯–૨૦૨૧ "શ્રીમદ ભગવદ ગીતાના શલોકનો અનુવાદ અને અર્થવિસ્તાર"**

ભાગ લેનાર વિદ્યાર્થીઓ ૧૦

| ક્રમ | નામ | ક્લાસ |
|---|---|---|
| ૧ | પ્રથમ વિજેતા પટેલ શ્વેતા | M.B.A GRIMS COLLEGE,VAPI |
| ૨ | દ્વિતીય વિજેતા મિશ્રા કમલેશ્વર | M.B.A GRIMS COLLEGE,VAPI |


નિર્ણાયક: ઈન્ચાર્જ. પ્રિ. હંસાબેન પરમાર
શ્રીમતી જે.પી.શ્રોફ આર્ટસ કોલેજ,વલસાડ.




### ૪. તા. ૮–૯–૨૦૨૧ "ગદ્યવાંચન અને વાર્તાકથન"

ભાગ લેનાર વિદ્યાર્થીઓ ૧૪.

| ક્રમ | નામ | કલાસ |
|---|---|---|
| ૧ | પ્રથમ વિજેતા માછી જાનવી એ. | T.Y.B.A |
| ૨ | દ્વિતીય વિજેતા મિશ્રા કમલેશ્વર | M.B.A GRIMS COLLEGE,VAPI |









### ૫. તા. ૯–૯–૨૦૨૧ "છંદવૈવિધ્ય"

ભાગ લેનાર વિદ્યાર્થીઓ ૧૧.

| ક્રમ | નામ | કલાસ |
|---|---|---|
| ૧ | પ્રથમ વિજેતા હળપતિ નેહા બી. | T.Y.B.A |
| ૨ | દ્વિતીય વિજેતા શેખ ફાત્મા એચ.<br>દ્વિતીય વિજેતા અંબાત હેમલતા એમ. | T.Y.B.A<br>T.Y.B.A |

નિર્ણાયક: ડૉ. નયનાબેન નાયક
શ્રી ઈ.ઈ.એલ. કે.આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ચીખલી






### ૬. તા. ૧૧–૯–૨૦૨૧ "સ્તોત્રગાન અથવા શ્લોકગાન સ્પર્ધા"

ભાગ લેનાર વિદ્યાર્થીઓ ૧૪.

| ક્રમ | નામ | કલાસ |
|---|---|---|
| ૧ | પ્રથમ વિજેતા મિશ્રા કમલેશ્વર | M.B.A GRIMS COLLEGE,VAPI |
| ૨ | દ્વિતીય વિજેતા રાઠોડ નિધિ<br>દ્વિતીય વિજેતા વરદા વી.સાપરે | T.Y.B.A, B.C.A GRIMS, COL.,VAPI |





## NNS પ્રવૃતિઓ ઓગષ્ટ–સપ્ટેમ્બર ૨૦૨૧

- તા. ૧૦–૮–૨૦૨૧ સ્વચ્છતા અભિયાન કાર્યક્રમ વિદ્યાર્થીઓએ પોતાના ગામમાં કર્યો.
- તા. ૧૪–૮–૨૦૨૧ દેશ ભકિત ગીત સ્પર્ધા–૧૯ સ્પર્ધકો.
- તા. ૪–૯–૨૦૨૧ના રોજ "આઝાદીના અમૃત મહોત્સવ થી શતાબ્દી તરફ" વિષય પર આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ મોટાપોંઢાના ડૉ. આશાબેન ગોહિલનું વ્યાખ્યાન.
- તા. ૨–૯–૨૦૨૧ના રોજ ઝવેરચંદ મેઘાણી ૧૨૫મી જન્મ જયંતી પ્રસંગે ગીત સ્પર્ધા–૧૩ સ્પર્ધકો.
- તા. ૧૪–૯–૨૦૨૧ના રોજ અંધજન ધ્વજ દિન નિમિત્તે રૂા. ૩૬૦ નો ફાળો એકત્ર કરી નેશનલ એસોસીએશન ફોર ધ બ્લાઈન્ડ–વલસાડને મોકલવામાં આવ્યો.
- તા. ૨૫–૯–૨૦૨૧ના રોજ "નશાબંધી અને કુ–રીવાજ નિવારણ" વિષય પર એડવોકેટ સોનલ રાજપુતના વ્યાખ્યાનનું આયોજન.
- તા. ૨૯–૯–૨૦૨૧ના રોજ વાપી નગર પાલિકા દ્વારા સુકા અને ભીના કચરાનું રી–સાયકલીગ કેવી રીતે કરવું તે સ્થળ પર જઈ સમજાવવામાં આવ્યું.









## શ્રીમતી આર.પી.ચૌહાણ આર્ટ્સ એન્ડ શ્રીમતી જે.કે.શાહ એન્ડ શ્રી કે. ડી. શાહ કોમર્સ કોલેજ, વ્યારા.

### સમાજશાસ્ત્ર વિષયના અનુસ્નાતક કેન્દ્ર : ઉદ્ઘાટન









શ્રી ર.ફ.દાબુ કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર.પી.ચૌહાણ આર્ટ્સ એન્ડ શ્રી કે.ડી. શાહ કોમર્સ કોલેજ, વ્યારા ખાતે ચાલુવર્ષથી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી માન્ય સમાજશાસ્ત્ર વિષયના અનુસ્નાતક કેન્દ્રના ઉદ્‌ઘાટન સમારંભ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અને માન. રાજયકક્ષાના મંત્રીશ્રી, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ, ગુજરાત રાજયના પ્રા. ડૉ. શ્રી કુબેરભાઈ ડીડોરની ઉપસ્થિતિમાં યોજવામાં આવ્યો હતો.

આ પ્રસંગે કોલેજના આચાર્ય પ્રિ. ડૉ. હિતેન્દ્રસિંહ ખરવાસિયાએ મહેમાનોને શાબ્દિક આવકાર આપી સમાજશાસ્ત્ર વિષયના અનુસ્નાતક કેન્દ્રનો ઉદ્‌ઘાટન સમારંભ કોલેજ સંચાલક મંડળના સ્વર્ગસ્થ પદાધિકારીઓ સ્વ. ડૉ. મહેન્દ્રભાઈ શાહ, સ્વ. દિલિપભાઈ ભકતા, સ્વ. બીપીનભાઈ શાહ અને સ્વ. અજયભાઈ શાહના ચરણમાં સમર્પિત કરીએ છીએ એમ જણાવી ગામ્ય વિસ્તારની વ્યારા કોલેજમાં પી.જી.નું અનુસ્નાતક કેન્દ્ર શરૂ કરવા માટે કુલપતિશ્રીએ ટૂંક સમયમાં જ મંજૂરી આપી તથા માન. રાજયકક્ષાના મંત્રીશ્રી, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ, ગુજરાત રાજયના પ્રા. ડૉ. શ્રી કંબેરભાઈ ડીડોર પણ આકસ્મિક આ પ્રસંગે ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારી હતી તે બદલ કોલેજ અને સંચાલક મંડળ વતી આભારની લાગણી વ્યકત કરી સમાજશાસ્ત્ર વિષયનું અનુસ્નાતક કેન્દ્ર વિદ્યાર્થીઓમાં સમાજ અને રાષ્ટ્ર પ્રત્યેની જવાબદારીની ભાવના વધુ ઉજાગર કરવામાં ખૂબ ઉપયોગી બનશે એમ જણાવ્યું હતું.

સમારંભના પ્રમુખ કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાએ કોલેજની વિદ્યાર્થીલક્ષી પ્રવૃતિને બિરદાવી વર્તમાન સમયમાં અંતરિયાળ વિસ્તારમાં આવા અનુસ્નાતક કેન્દ્રો વિદ્યાર્થીઓની સગવડતામાં વધારો કરશે તથા વર્તમાન સમયમાં વિદ્યાર્થીઓમાં જુદા–જુદા કૌશલ્યને વિકસાવે તેવા વ્યવસાયીલક્ષી અભ્યાસક્રમો શરૂ કરવામાં આવે તથા ૨૦૩૨માં અમદાવાદમાં યોજાનાર ઓલિમ્પિકમાં તાપી જીલ્લામાંથી પણ રમતવીરો ગોલ્ડમેડલ લાવે તેવી શુભેચ્છા પાઠવી ઓનલાઈન પ્રવેશ, પાઠયક્રમ, પરીક્ષા, પરીક્ષણ અને પરિણામ માટે અધ્યાપકો અને વિદ્યાર્થીઓના યુનિવર્સિટીને મળતા સહકાર બદલ આભાર વ્યકત કર્યો હતો. આ પ્રસંગે માન. રાજયકક્ષાના મંત્રીશ્રી, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ, ગુજરાત રાજયના પ્રા. ડૉ. શ્રી કુબેરભાઈ ડીડોર આ વિસ્તારની આકસ્મિક મુલાકાત દરમ્યાન કોલેજ આયોજિત આ સમારંભમાં ઉપસ્થિત રહી સૌને પ્રેરણા અને માર્ગદર્શન પૂરા પાડયા હતા. તથા વ્યારા કોલેજમાં સમાજશાસ્ત્ર જેવા માનવસમાજને સ્પર્શતા ખૂબ જ મહત્વના શાસ્ત્રનું અનુસ્નાતકનું કેન્દ્ર ચાલુ થઈ રહયું છે તે માટે આનંદની લાગણી વ્યકત કરી વિદ્યાર્થીઓને સમાજ અને રાષ્ટ્રની સેવા માટે તત્પર રહેવા અનુરોધ કર્યો હતો. શ્રી ર. ફ. દાબુ કેળવણી મંડળના પ્રમુખશ્રી હસુભાઈ ભકતાએ સમાજશાસ્ત્ર વિષયનું પી. જી. સેન્ટર શરૂ થવા બદલ આનંદની લાગણી વ્યકતકરી હવે પછી વ્યારા કોલેજમાં વિદ્યાર્થીઓને સ્વાવલંબી અને આજીવિકા પુરા પાડી શકે તેવા ટૂંકાગાળાના વોકેશનલ કોર્ષ શરૂ કરવામાં

આવે કોલેજ સંચાલક મંડળ તમામ પ્રકારની મદદ કરશે એમ જણાવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વિનયન વિદ્યાશાખાના ડીનશ્રી તથા સમારંભના ઉદઘાટકશ્રી પ્રિ. ડૉ. ઈશ્વરભાઈ પટેલ અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાશાખાના અધરધેનડીનશ્રી અને સમારંભના મુખ્ય મહેમાનશ્રી પ્રિ. ડૉ. જશવંતકુમાર ચૌધરીએ પ્રસંગોચિત ઉદબોધન કરી પી. જી. સેન્ટર ખૂબ સારી રીતે ચાલે તથા આ વિસ્તારના વિદ્યાર્થીઓ શિક્ષણ અને સંશોધનના ક્ષેત્રે પી. જી. સેન્ટરનો વધુને વધુ લાભ મેળવે એવી ઈચ્છા વ્યકત કરી હતી. આ પ્રસંગે સંચાલક મંડળના પદાધિકારીઓ અને હોદેદ્દારો પણ ઉપસ્થિત રહ્યાં હતા. આ પ્રસંગે કુલપતિશ્રીના વરદહસ્તે વિદ્યાર્થીઓની સુવિધા માટે કોલેજના ગ્રાહક સહકારી ભંડારના ઉપક્રમે શરૂ કરવામાં આવેલ સ્ટેશનરી અને ઝેરોક્ષ સેન્ટર તથા એમ. એ. સમાજશાસ્ત્રના વર્ગખંડનું ઉદઘાટન પણ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન પ્રા.ડૉ.એમ.એચ.વાઢેળ અને પ્રા. શ્રમતી જી.એન.પટેલે કર્યું હતું. આભારવિધિ સમાજશાસ્ત્ર વિષયના અધ્યક્ષ પ્રા. ભાવનાબેન બેન્દ્રેએ કરી હતી.

## આંતરકોલેજ રાયફલ તથા પિસ્તોલ શુટીગ સ્પર્ધા






શ્રી ર.ફ દાબુ કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર.પી. ચૌહાણ આર્ટ્સ એન્ડ શ્રીમતી જે.કે.શાહ અને શ્રી કે.ડી.શાહ કોમર્સ કોલેજ, વ્યારા ખાતે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની ૨૦૨૧–૨૨ના વર્ષની પ્રથમ ભાઈઓ માટેની આંતરકોલેજ રાયફલ તથા પિસ્તોલ શુટીગ સ્પર્ધા યોજાવામાં આવી હતી.

વ્યારા કોલેજના આચાર્યશ્રી ડૉ. હિતેન્દ્રસિંહ ખરવાસિયાએ ઉપસ્થિત મહેમાનો તથા ખેલાડીઓનું શાબ્દિક સ્વાગત કરી અર્જુન અને સ્થિર એકલવ્ય ઉદાહરણો આપી ધારેલા લક્ષ્યને પાર પાડવા યોગ્ય અને ચોકકસ દિશામાં ધ્યાન કેન્દ્રિત અને સ્થિર કરવાથી સફળતા પ્રાપ્ત કરી શકાય છે તથા દરેક રમત દેશવાસીઓમાં રાષ્ટ્રીય એકતા અને રાષ્ટ્રીયપ્રેમને મજબુત બનાવે છે એમ જણાવી ખેલાડીમિત્રોને સફળતા માટે શુભેચ્છા પાઠવી હતી.










સમારંભના પ્રમુખ અને વ્યારાનગરના તથા રાજય અને રાષ્ટ્રીયકક્ષાએ તબીબીવિદ્યામાં નામ રોશન કરનાર ડૉ. અતુલભાઈ દેસાઈએ કોઈપણ રમતમાં શારીરિક ફીટનેસ જરૂરી છે તથા આવી રમતો માટે મન અને દ્રષ્ટિની એકાગ્રતા હોવી ખૂબ અનિવાર્ય છે. તેથી દરેક ખેલાડીઓએ રોજ થાડો સમય મેડીટેશન પાછળ આપવો જોઈએ તો સફળતા મેળવી શકાય છે એમ જણાવી શારીરિક અને માનસિક તંદુરસ્તી માટે કઈ કઈ બાબતોની કાળજી રાખવી જેઈએ તેની જાણકારી આપી હતી. સમારંભના મુખ્ય મહેમાન અને વ્યારાનગરના પ્રતિષ્ઠિત ડૉ. રાજેશભાઈ મહીડાએ દરેક સ્પર્ધામાં સફળતા મેળવવા માટે પરિશ્રમ, તાલીમ અને સતત પ્રેકટીસ ખૂબ જ જરૂરી હોય છે એમ

જણાવ્યું હતું. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના સ્પોર્ટ્સ ડાયરેક્ટર ડૉ. ડેવિડ પોલે શ્રી ર. ફ. દાબુ કેળવણી મંડળ દ્વારા વ્યારા જેવા અંતરિયાળ વિસ્તારમાં રાયફલ તથા પિસ્તોલ શુટીંગ માટેની આધુનિક સગવડતા ઉભી કરી છે તથા જયારે પણ આવી મોટી કોઈ સ્પર્ધાનું આયોજન કરવાનું હોય ત્યારે વ્યારા કોલેજ તરફથી હંમેશા ખૂબ સારો સહકાર યુનિવર્સિટીને મળે છે તેમ જણાવી સંચાલક મંડળ તેમજ કોલેજનો આભાર માની ખેલાડીઓને આગળ વધવા શુભેચ્છા પાઠવી હતી.

ભાઈઓ માટેની રાયફલ અને પિસ્તોલ શુટીંગ સ્પર્ધામાં એ. વી. પટેલ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, બીલીમોરા ચેમ્પીયન થઈ હતી તથા એસ.પી.બી. ઈંગ્લિશ મિડિયમ કોલેજ, સુરત રનર્સઅપ બની હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન વ્યારા કોલેજના સ્પોર્ટસના અધ્યાપક પ્રા. શ્રી સંજયસિંહ કોસાડાએ કર્યું હતું.

## સત્યમ કોલેજ ઓફ એજ્યુકેશન, ભરૂચ.

### ગાંધી જયંતીની ઉજવણી




તપોવન સંસ્કાર કેન્દ્ર, ભરૂચ સંચાલિત વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે તા. ૪–૧૦–૨૦૨૧ને સોમવારના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે ગાંધી જયંતીની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત 'વૈષ્ણવજન તો તેને રે કહીએ..' પ્રાથના દ્વારા કરવામાં આવી હતી. પ્રાર્થના બાદ શાબ્દિક સ્વાગત સત્યમ કોલેજ ઓફ એજ્યુકેશનના અધ્યાપક ડૉ. નિલેશ ઉપાધ્યાય દ્વારા કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ક્રમશઃ ગાંધીજીના જીવનપ્રસંગોને વિવિધ કૃતિઓ દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા. બી.એડ. વિભાગના અધ્યાપિકા જયોત્સનાબેન રાણા તથા બી.કોમ.વિભાગના અધ્યાપિકા પૂજાબેન મહેતાના માર્ગદર્શન હેઠળ પોસ્ટર મેકિંગ અને આલ્બમ મેકિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગાંધી જયંતી પ્રસંગે સત્યમ કોલેજ ઓફ એજ્યુકેશનમાં ગાંધીજીના જીવનપ્રસંગને આવરી લેતી આલ્બમ મેકિંગ સ્પર્ધા તથા દીપ જયોતિ કોલેજમાં પોસ્ટર મેકિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પોસ્ટર મેકિંગમાં ૩૮ વિદ્યાર્થી તથા આલ્બમ મેકિંગમાં ૦૯ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેના પ્રથમ ત્રણ વિજેતાઓને નેહરુ યુવા કેન્દ્ર, ભરૂચ દ્વારા ટ્રોફી આપવામાં આવી હતી. કાર્યક્રમના અંતે પ્રસંગોચિત ઉદબોધન તપોવન સંસ્કાર કેન્દ્રના પ્રમુખશ્રી દિનેશભાઈ પંડયા દ્વારા કરવામાં આવ્યું હતું. તેમણે એક દ્રષ્ટાંત દ્વારા પોતાની વાત રજૂ કરી હતી. ગાંધીજીના ત્રણ વાંદરાવાળી વાત દ્વારા તેઓ એમ કહેવા માંગતા હતા કે ખોટી બાબતો બોલવી નહીં, ખોટું કયારેય જોવું નહી અને ખોટું કયારેય સાંભળવું નહી. અંતમાં સૌએ સમૂહમાં રાષ્ટ્રગાન કરી કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કમિટી દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

### વ્યાખ્યાનમાળા મણકા–૧




તપોવન સંસ્કાર કેન્દ્ર, ભરૂચ સંચાલિત સત્યમ કોલેજ ઓફ એજ્યુકેશન, મહિલા બી. એડ. કોલજમાં તા. ૨૬–૧૦– ૨૦૨૧ને મંગળવારે 'મહર્ષિ અરવિંદનું શિક્ષણ દર્શન' વિષય પર વ્યાખ્યાનમાળા મણકો–૧ નું આયોજન કરવામાં આવ્યુ હતું. જેના મુખ્ય વકતા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની પૂર્વ કુલપતિશ્રી તથા આંતરરાષ્ટ્રીય વ્યાખ્યાતા ડૉ. અશ્વિનભાઈ કાપડિયા હતા.

કાર્યક્રમની શરૂઆત બી.એડ.ની તાલીમાર્થી બહેનો દ્વારા સમૂહમાં પ્રાર્થના દ્વારા કરવામાં આવી. ત્યારબાદ શ્રી અશ્વિનભાઈ કાપડિયાનું બી.એડ.ની તાલીમાર્થી રાજ રીકલ દ્વારા પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું. કાર્યક્રમના મુખ્ય વકતાશ્રી અશ્વિનભાઈ કાપડિયાનું તપોવન સંકુલના નિયામકશ્રી જાગૃતિબેન પંડયા દ્વારા શાલ અને પુષ્પ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ મહેમાનશ્રીનું શાબ્દિક સ્વાગત તથા પરિચય બી.એડ.ના ઈન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. આશ્કાબેન શુકલ દ્વારા આપવામાં આવ્યો. તેમણે ડૉ. અશ્વિનભાઈ કાપડિયાનો પરિચય આપતા જણાવ્યુ કે આપણાં સત્યમ કોલેજનું અહોભાગ્ય છે કે આપણે મહર્ષિ અરવિદનું શિક્ષણ દર્શન વિષય પર ડૉ. અશ્વિનભાઈ કાપડિયાને સાંભળવા મળ્યા. તેઓ ૧૩ વર્ષની નાની વયથી જ શ્રી અરવિંદ તથા પૂજય માતાજીનાં ઉપાસક રહ્યા છે. આજદિન સુધી તેમની આ ઉપાસના ચાલુ છે. ૩૨ વર્ષ સુધી તેમણે બી.એડ.ના પ્રાધ્યાપક તરીકે કાર્ય કર્યુ છે. તેમણે ૧૮ દેશોનો પ્રવાસ કર્યો છે. તથા તેઓ વિશ્વધર્મ પરિષદના અધ્યક્ષ રહી ચૂકયા છે. અંગ્રેજી, ગુજરાતી અને હિન્દી આ ત્રણેય ભાષા પર પ્રભુત્વ ધરાવનાર તેમનું શિક્ષણ અને કેળવણી ક્ષેત્રે તેમનું ખૂબ યોગદાન છે.

મહેમાનશ્રી અશ્વિનભાઈ કાપડિયાએ પોતાના વકતવ્યમાં જણાવ્યું કે, આ સંસ્થામાં શિક્ષક તરીકેની તાલીમ લેવી એ તમારું સદનસીબ છે. કારણ અહીં આ સંસ્થામાં સંસ્કારો અને મૂલ્યોનું સિંચન કરવામાં આવે છે. સારી સંસ્થામાં બેસવું અને સારી સંસ્થામાં કામ કરવું એ સદભાગ્યની વાત છે. તેમણે મહર્ષિ અરવિંદના જીવન વિષેની ઉંડાણમાં ચર્ચા કરીને શિક્ષક કેમ અને કેવા બનવું જોઈએ તે અંગેની સચોટ માહિતી આપી વિદ્યાર્થીઓને વિદિત કર્યા હતા. મહર્ષિ અરવિંદ માનવતા અને સંસ્કારોનું સિંચન કરનાર મહાન શિક્ષક હતા. તેઓ કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં ભણ્યા. તેમણે ૨૭ ભાષાઓ પર પ્રભુત્વ મેળવ્યું તેમજ ગ્રીક અને લેટિન ભાષાઓમાં ગોલ્ડ મેડલ મેળવ્યા હતા. મહર્ષિ અરવિંદે તેમના શિક્ષણ દર્શનમાં મુખ્ય ચાર પાસાઓ રજૂ કર્યા છે. જેમાં ફીઝીકલ એજ્યુકેશન, વાઈટલ એજ્યુકેશન, મેન્ટલ એજ્યુકેશન અને સાયકીક એજ્યુકેશન જેમાં તેમણે સાયકીક એજ્યુકેશન પર ભાર મૂકી કહ્યું કે, સાયકીક એજ્યુકેશન એ આત્માનું શિક્ષણ છે. જેમાં આપણે જે શિક્ષણ મેળવીએ છીએ તેને આપણાં જીવન સાથે આત્મસાત કરવું જોઈએ. શ્રી અશ્વિનભાઈ કાપડિયાએ કનૈયાલાલ મુન્શી, ઉમાશંકર જોશી, આઈન્સ્ટાઈન, અબ્દુલ કલામ, યશવંતભાઈ પુરાણી, નટવરલાલ આ બધા વિદ્વાનોના દ્રષ્ટાંત આપી તેમના વ્યકિતત્વને અને તેમના ગુણોને આપણાં જીવનમાં ઉતારી શ્રેષ્ઠ શિક્ષક બનવુ જોઈએ આ અંગેનું માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમનું સંચાલન બી.એડ. કોલેજના પ્રાધ્યાપકશ્રી ગણેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ તાલીમાર્થી મહેતા વિદિશા દ્વારા કરવામાં આવ્યું. કાર્યક્રમના અંતે આભારદર્શન પ્રાધ્યાપિકા ડૉ. અમિતા યાદવ દ્વારા કરવામાં આવ્યું. અંતમાં રાષ્ટ્રગીતનું સમૂહગાન કરી સમારંભની પૂર્ણાહૂતિ કરવામાં આવી હતી.

## દીપજ્યોતિ કોલેજ ઓફ કોમર્સ, ભરૂચ.

### ફીટ ઈન્ડિયા ફ્રીડમ : યોગાસન



'મન તંદુરસ્ત તો તન તંદુરસ્ત' આ વિચાર આપણાં રાષ્ટ્રપિતા ગાંધીજીના છે. તેમની જન્મજયંતી નિમિત્તે તપોવન સંસ્કાર કેન્દ્ર, ભરૂચ સંચાલિત દીપજ્યોતિ કોલેજ ઓફ કોમર્સ દ્વારા 'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત ફીટ ઈન્ડિયા ફ્રીડમ અંતર્ગત તા. ૨–૧૦–૨૦૨૧ના રોજ સવારે ૭:૦૦ થી ૮:૦૦ કલાકે ૧ દિવસીય યોગાસનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તપોવન ગ્રુપની શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થીઓ તથા ભરૂચ શહેરના નાગરિકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં ૧૨૫ જેટલા વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમનું આયોજન ફીઝીકલ ઈન્સ્ટ્રકટર કરન નિઝામા દ્વારા કરવામાં આવ્યું હતું. ભાગ લેનાર સર્વેને ઈ–સર્ટીફિકેટ આપવામાં આવ્યા હતા.

**Chief Editor: Dr. K. C. Poria**
Professor and Head
Department of Physics, Veer Narmad South Gujarat University,Surat.

**Editor: Dr. B. J. Ankuya**
I/c. University Librarian, Veer Narmad South Gujarat University, Surat.

**Publisher : Dr. Jaydip N. Chaudhari**
I/c. Registrar, Veer Narmad South Gujarat University, Surat.

**Type and Design by: Shri Pintu I. Patel**
Jr. Library Assistant, Veer Narmad South Gujarat University, Surat.

'દક્ષિણાયન' સરનામુ : ડૉ. બી.જે.અંકુયા, તંત્રી, દક્ષિણાયન, યુનિવર્સિટી ગ્રંથાલય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ઉધના–મગદલ્લા રોડ, સુરત–૩૯૫૦૦૭ e-mail: dakshinayanlibrary.vnsgu@gmail.com

This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE www.vnsgulibrary.org.in